# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૯૪ /૨૦૧૬

## તા.૨૮/૦૯/૨૦૧૬

વંચાણે લીધા:-

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના નીચે જણાવેલ જાહેરનામાં ક્રમાંક:

1. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૧૩૨/૨૦૦૩ તા.૧૮/૧૨/૨૦૦૩
2. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૧૩૫/૨૦૦૪ તા.૨૫/૦૨/૨૦૦૪
3. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૧૩૯/૨૦૦૪ તા.૦૫/૦૩/૨૦૦૪
4. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૧૪૩/૨૦૦૪ તા.૨૧/૦૬/૨૦૦૪
5. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૧૪૬/૨૦૦૪ તા.૦૯/૦૮/૨૦૦૪
6. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૧૫૬/૨૦૦૪ તા.૦૧/૧૧/૨૦૦૪
7. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૧૫૭/૨૦૦૪ તા.૧૬/૧૧/૨૦૦૪
8. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૨૦૭/૨૦૦૭ તા.૧૯/૦૫/૨૦૦૭
9. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૬૭૦/૨૦૦૮ તા.૨૬/૦૩/૨૦૦૮
10. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૬૭૧/૨૦૦૮ તા.૨૬/૦૩/૨૦૦૮
11. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૧૩૫૫/૨૦૦૮ તા.૨૫/૦૪/૨૦૦૮
12. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૨૭૭/૨૦૦૮ તા.૨૨/૦૭/૨૦૦૮
13. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૨૩૮/૨૦૦૮ તા.૨૧/૧૧/૨૦૦૮
14. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૨૫૫/૨૦૦૯ તા.૦૪/૦૩/૨૦૦૯
15. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૨૮૫/૨૦૧૦ તા.૧૫/૦૨/૨૦૧૦
16. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૩૪૫/૨૦૧૨ તા.૧૯/૦૫/૨૦૧૨
17. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૩૫૦/૨૦૧૨ તા.૨૩/૦૭/૨૦૧૨
18. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/૩૫૧/૨૦૧૨ તા.૨૪/૦૭/૨૦૧૨
19. જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૧૪/૨૦૧૪ તા.૧૯/૦૬/૨૦૧૪

સરખેજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારનું જે અમદાવાદ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં સમાવેશ થયેલ હોય જે સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભારે વાહનોને પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીના નં. ડી.સી./પીઓએલ/એમએજી/એસઆર.૨૨/૧૨ તા.૧૫.૬.૨૦૧૨ થી સવાર કલાક ૬.૦૦ થી રાત્રીના કલાક ૨૨.૦૦ સુધી પ્રવેશબંધનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. તેમજ પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાં ક્રમાંક : ગ/ઉપક/૩૫૦/૨૦૧૨ તા.૨૩/૦૭/૨૦૧૨ અને જાહેરનામાં ક્રમાંક : ગ/ઉપક/૩૫૧/૨૦૧૨ તા.૨૪/૦૭/૨૦૧૨ માં નાગરીકો,સંસ્થાઓ તથા એસોસીએશન તરફથી આવેલ રજુઆતો અને સુચનોને ધ્યાનમાં લઇ જાહેરજનતાના સામુહીક હીતમાં જાહેરનામાં ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફીક/૪૧૪/૨૦૧૪ તા.૧૯.૬.૨૦૧૪ જાહેરનામાં પ્રસિદ્ધ કરવામાં આવેલ હતા. જેમાં જાહેર જનતાના હીતને ધ્યાને લઇ ઊપરોક્ત

જાહેરનામાના નીચે જણાવેલ મુદ્દાઓમાં સુધારો કરી જાહેરનામું રીવાઇઝ કરવું જરૂરી છે. જે અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક શાખા મારફત ખરાઇ કરાવતા રજુઆત વ્યાજબી જણાય છે.

હું, શિવાનંદ ઝા IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં ભારે તથા મધ્યમ પ્રકારનાં ભાર વાહક વાહનોને પ્રવેશબંધી અને અવર-જવર તેમજ અન્ય ટ્રાફીક સરળતાથી ચાલે તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

## <u>હુકમ</u> :-

અમદાવાદ શહેરમાં વધતા જતા પ્રદુષણને અટકાવવા અને અકસ્માતને નિયંત્રિત કરવા સુપ્રિમ કોર્ટને આપવામાં આવેલી બાહેંધરીના અનુસંધાને અમદાવાદ શહેરમાં ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક વાહનોએ નીચે દર્શાવ્યા મુજબ માર્ગ અને સમય મુજબ માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે.

**<u>(એ) ભારે અને મધ્યમ પ્રકારના માલ વાહક વાહનોને નીચે દર્શાવ્યા મુજબ માર્ગ અને સમય મુજબ માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે.</u>**

1. આર.ટી.ઓ. ના કામ માટે આવવા અને જવા માટે ક. ૧૦/૦૦ થી ૧૮/૦૦ દરમ્યાનમાં ઝુંડાલ/તપોવન સર્કલ થી વિસત પેટ્રોલ પંપ, અચેર ચાર રસ્તા, ચિમનભાઇ પટેલ બ્રીજ થઇ આર.ટી.ઓ. કચેરી
2. ઇસ્કોન ચાર રસ્તાથી શિવરંજની થઇ ડાબી બાજુ વાળી ૧૩૨ ફુટ રીંગ રોડ થઇ ફક્ત આર.ટી.ઓ. કચેરીના કામ માટે આવી અને જઇ શકશે.

**<u>(બી) ભારે અને મધ્યમ પ્રકારના માલ વાહક વાહનોને નીચેના માર્ગો ઉપર ૨૪ કલાક માટે (સવાર કલાક ૦૯.૩૦ થી ૧૧.૩૦ અને સાંજ કલાક ૧૭.૩૦ થી ૨૦.૩૦ સિવાયનાં સમયગાળા માટે) જવા આવવાની છુટછાટ આપવામાં આવે છે</u>**

1. જેતલપુર ઓકટ્રોયનાકા, નારોલ, વિશાલા સર્કલ થઇ ડાબા હાથે સરખેજ તેમજ જમણા હાથે એ.પી.એમ.સી. માર્કેટ
2. નારોલ સર્કલ થી ચંડોળા તળાવ, બહેરામપુરા ચોકી, જમાલપુર શાક માંર્કેટ તરફ જતા શાકભાજીના વાહનો
3. નરોડા પાટીયાથી મેમ્કો ચાર રસ્તા, નરોડા ફ્રુટ માર્કેટના વાહનો
4. સીટીએમ, હાટકેશ્વર સર્કલ, અનુપમ સિનેમા, ખોખરા બ્રીજ, કાંકરીયા રેલ્વે યાર્ડ
5. અમદાવાદ શહેરમાં સપ્લાય( વિતરણ ) કરતા હોય તેવા દુધ અને પેટ્રોલ ડીઝલ ના ટેન્કરો તેમજ સી.એન.જી., એલ.પી.જી. ગેસ ના વાહનો

(સી) ભારે અને મધ્યમ પ્રકારના માલ વાહક વાહનોને નીચેના માર્ગો ઉપર કલાક ૧૩/૦૦ થી ૧૬/૦૦ દરમ્યાન જવા આવવાની છુટછાટ આપવામાં આવે છે

1. નરોડા પાટીયાથી મેમ્કો ચાર રસ્તા ડાબા હાથે હિરાવાડી થી જમણા હાથે અનિલ સ્ટાર્ચ મીલ સંજયનગર ના છાપરા, નિર્મળપુરા ચાર રસ્તા, ચામુંડા બ્રીજ, અસારવા ચકલા, અસારવા બ્રીજ, ઇદગાહ સર્કલ તથા આજુબાજુનો ઇન્ડસ્ટ્રીયલ મીલ વિસ્તાર (પ્રેમ દરવાજા સર્કલ સિવાય) દરીયાપુર સર્કલ થઇ માધુપુરાં માર્કેટમાં આવી શકશે તથા તે જ રસ્તે પરત
2. ઝુંડાલ સર્કલ થઇ વિસત પેટ્રોલ પંપ; અચેર ચાર રસ્તા, પાવર હાઉસ, ચિમનભાઇ બ્રીજ, સુભાષબ્રીજ સર્કલ થઇ સુભાષબ્રીજ થઇ નમસ્તે સર્કલ થઇ માધુપુરા માર્કેટ આવી શકશે તથા તે જ રસ્તે પરત.
3. નારોલ સર્કલ થઇ ચંડોળા દાણીલીમડા પોલીસ સ્ટેશન, જુના શાહ આલમ ટોલનાકા, ભુલાભાઇ પાર્ક ચાર રસ્તા, કાંકરીયા ચોકી થઇ રેલ્વે યાર્ડમાં જઇ શકશે.
4. અનુપમ સર્કલ થઇ રખિયાલ ચાર રસ્તા, ડાબા હાથે બોમ્બે હાઉસિંગ પોલીસ લાઇન સર્કલ તેમજ રખિયાલ થી અજીત મીલ ચાર રસ્તા થઇ સોનીની ચાલી સુધી તથા અજીત મીલ થી નાગરવેલ હનુમાન સુધી તથા આજુબાજુના ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં જઇ આવી શકશે.
5. દિવાન બલ્લુભાઇ સ્કુલ થી ન્યુ કલોથ માર્કેટના પાછળના દરવાજા સુધી તથા તે જ રસ્તે પરત
6. કાંકરીયા પોલીસ ચોકી થી આબાદ ડેરી થઇ આર્ય સમાજ મંદિર થઇ બીગ બજાર ની સામેની બાજુ વળી સહજાનંદ એસ્ટેટ થી ડાબી બાજુ લાટી બજારમાં થઇ બીગ બજાર થઇ તે જ રસ્તે પરત આવી શકશે.
7. નારોલ સર્કલ થી જશોદાનગર ચાર રસ્તા, સી.ટી.એમ. થી ઓઢવ સુધી જમણી બાજુ અને ડાબી બાજુ અજીત મીલ ની ચાલી સુધી ઇન્ડસ્ટ્રીયલ તથા મીલ તરફ જવાના રોડ ઉપર તથા વિસ્તારમાં જઇ આવી શકશે.

ઉપરોકત છુટછાટ દરમ્યાન શહેરના માર્ગો ઉપર કોઇ પણ સંજોગોમાં માલ વાહક વાહન પાર્ક કરી શકશે નહીં કે માલ ની ચઢ ઉતર કરી કરાવી શકશે નહીં. આદેશનુ ઉલ્લંઘન કરવામાં આવે તો જાહેરનામાનો ભંગ ગણાશે.

આ જાહેરનામુ ફકત ભારે અને મધ્યમ પ્રકારના માલ વાહક વાહનો માટે છે. આ હુકમ એસ.ટી., કોર્પોરેશન, એ.એમ.ટી.એસ., ફાયર બ્રીગેડ, એમ્બ્યુલન્સ તથા સરકારી વાહનોને જાહેર સેવાની કામગીરી દરમ્યાન બંધન કર્તા રહેશે નહીં.

આ જાહેરનામા ના આદેશનુ ઉલ્લંઘન કરનાર ઇસમ ગુજરાત પોલીસ અધિનીયમ કલમ ૧૩૧(બી)(૪) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા.૨૮/૦૯/૨૦૧૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ

અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ (બી) (૪) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૯/૯/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૯/૯/૨૦૧૬
અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

Commissioner of Police
Ahmedabad

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય.ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :-

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક . વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.